PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૯/કવા–૦૪/૧૫–૧૬/ ૩૪૩૦ તા. ૧૩/૦૪/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
જીવાભાઈ ભીખાભાઈ ઝાલા
ગામ: જાયવા,
તા.ધ્રોલ,
જી: જામનગર
મો.૯૯૭૮૭ ७६૩૦૪

**વિષય :–વીજબીલ બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૮–૦૨–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૩૯/કવા–૦૪/૧૫–૧૬)**

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) ૦૨

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી, જામ નગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૩૯/ક્વા–૦૪/૧૫–૧૬ | કમિટિ મીટીંગ તા.૩૦–૦૩–૧૬ | સ્થળ :–જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

**અરજદાર (ફરીયાદી) : નામ: જીવાભાઈ ભીખાભાઈ ઝાલા, ગામ: જાયવા**

**રજુઆત કરનાર : અરજદાર શ્રી જીવાભાઈ ભીખાભાઈ ઝાલા હાજર રહેલ હતા**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી, ધ્રોલ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર)**

**રજુઆત કરનાર : એમ.એમ.રાબડીયા ઈન્ચાર્જ, કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી, જામનગર**

---

## : હુકમ:

**ફરીયાદ : વીજબીલ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| **૧.૧** | અરજદાર જણાવે છે કે, તેઓના જાવીયા ગામ ખાતે છેલ્લા ૧૫ વર્ષ થી ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૯૦૬/૦૦૦૬૬/૨ નુ મીટર તા.૨૦–૧૧–૧૫ ના રોજ બદલાવેલ હતુ. અને તે મુજબ, તેઓને ફેબ્રુઆરી–માર્ચ –૧૨ નુ વીજબીલ ૨૪૨૦ યુનીટ નુ રૂ.૧૫,૪૩૩/– અપાયેલ હતુ. ત્યારબાદ, નવા બદલાયેલ મીટર મા પણ, પીજીવીસીએલ તરફથી માહે મે–૧૨ થી નવેમ્બર –૧૫ સુધી ના તમામ વીજબીલો ૧૦૦ યુનીટ, જે ક્ષતિગ્રસ્ત એવરેજ મુજબ અપાયેલ હતા. જેથી, તેઓ નુ મીટર તા.૨૦–૧૧–૧૫ ના રોજ બદલાવી અને તા.૨૭–૧૧–૧૫ ના રોજ લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ છે. લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર ને ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ હતુ. આમ, તેઓ ના જોડાણ મા, ફેબ્રુઆરી–માર્ચ –૧૨ નુ ૨૪૨૦ યુનીટ નુ વીજબીલ, અને ત્યારબાદ માર્ચ–એપ્રીલ –૧૨ થી ઓકટોબર–નવેમ્બર –૧૫ સુધી ના વીજબીલો ગેરવ્યાજબી હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| **૨.૧** | અરજદાર નુ જાવીયા ગામ ખાતે આવેલ ઘરવપરાશ વીજજોડાણ (આરજીપીઆર) નં.:૩૧૯૦૬/૦૦૦૬૬/૨ જે તા.૧૦–૦૧–૨૦૧૧ થી રીલીઝ થયેલ છે. આ જોડાણ નુ નિયમીત વીજબીલીગ જે માહે ઓકટોબર–નવેમ્બર–૧૨ થી માહે ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૫ સુધીના કુલ ૧૮ દ્રીમાસીક વીજબીલો – જે પ્રત્યેક વીજબીલો, ''૧૦૦ યુનીટ – ફોલ્ટી મીટર સ્ટેટસ એવરેજ '' મુજબ ના અપાયેલ હતા. ત્યારબાદ, તા.૨૦–૧૧–૧૫ ના રોજ, અરજદાર શ્રી ના સ્થાપન પરનુ, અગાઉ ફોલ્ટી સ્ટેટસ હેઠળ રહેલ, બીએચએચ કંપનીનુ મીટર નં.: ૭૫૭૯૦૦, જે પર્ફોમા –૧૫ નંબર: ૫૪૭૬૪ થી બદલાવી અને પેપરપેક કરાયેલ હતુ. આ સમયે, મીટર મા છેલ્લા રીડીગ ૨૨૬૧.૩ નોધાયેલ હતા. તેમજ, જોડાણ મા ૦.૨૮૦ કીવો નો વીજભાર જોડાયેલ હતો. આ સમયે, તા.૨૨–૧૧–૧૫ ના રોજ અરજદાર ના સ્થાપન પર નવુ એલ.એન્ડટી કંપની નુ મીટર નંબર: પીજીએસટી–૦૧૩૪૧૫૧૭, જે શરૂઆતના ૦૦૦૦૦ રીડીગ થી મુકવામા આવેલ હતુ. |
| **૨.૨** | તા.૨૦–૧૧–૧૫ ના રોજ, અરજદાર ના સ્થાપન પર થી ઉતારેલ અનેપેપરપેક કરાયેલ બીએચએચ કંપનીનુ મીટર નં.: ૭૫૭૯૦૦ ને, લેબોરેટરી મા, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા ચકાસવામા આવતા, સદર મીટર ની ''કરંટ કોઈલ '' બળી ગયેલ હોવાની બાબત જણાયેલ હતી. અને મીટર મા છેલ્લા રીડીગ ૨૨૬૧.૩૧ નોધાયેલ હોવાની બાબત જણાયેલ હતી. લેબોરેટરી ચકાસણી દરમ્યાન સદર મીટર ને '' ડેમેજ '' જાહેર કરાયેલ હતુ. |
| **૨.૩** | ઉપરોકત મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતે, લેબોરેટરી ચકાસણી દરમ્યાન મીટર મા, છેલ્લા રીડીગ ૨૨૬૧.૩૧ જણાયેલ હતા. જે, સદર મીટર ની ક્ષમતા – ૧૦,૦૦૦ ડીઝીટ પુરાથયા બાદ નવેસરથી ૨૨૬૧.૩૧ રીડીગ ચડેલ હોવાની બાબત જણાયેલ હતી. આમ, આ મીટર મા ૧૨,૨૬૧ યુનીટ (રીડીગ) નોધાયેલ છે. જે મુજબ, સદર કેઈસ, જે – અગાઉ ના વાસ્તવિક બીલીગ સમય ના છેલ્લા રીડીગ ની સરખામણીએ, ૩૭૯૪ યુનીટ નો, પડતર / ચડત યુનીટ નો કેઈસ જણાયેલ છે. આ પડતર / ચડત યુનીટ નો સમયગાળો, જે સવાલવાળુ મીટર બદલાવ્યા પહેલાના, કુલ ૧૮ દ્રીમાસીક બીલીગ (માહે ઓકટોબર–નવેમ્બર –૧૨ થી ઓગષ્ટ–સપ્ટેમ્બર –૧૫ સુધી ના કુલ – ૧૮ દ્રીમાસીક વીજબીલો ) નો છે. અગાઉ સદર ૧૮ દ્રીમાસીક બીલો, જે પ્રત્યેક, '' ૧૦૦ યુનીટ - ફોલ્ટી મીટર સ્ટેટસ'' હેઠળ અપાયેલ હતા. આમ, સદર ૧૮ દ્રીમાસીક બીલો નો કુલ ૧૮૦૦ '' ફોલ્ટી સ્ટેટસ યુનીટ '' જે, સદર પડતર/ ચડત એવા ૩,૭૯૪ યુનીટ માથી બાદ કરી, અને બાકી ના રહેતા (૩૭૯૪– ૧૮૦૦ = ૧૯૯૪) ૧૯૯૪ યુનીટ નુ, રૂ.૧૭,૬૬૭/૮૭ નુ, આખરી રીવાઇઝ બીલ, જે અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાનુ રહેશે. આમ, સદર કેઈસ, જે પડતર / ચડત યુનીટ નો હોય,સદર પડતર / ચડત યુનીટ બીલો ને ૧૮ દ્રીમાસીક બીલો મા વિભાજીત કરી આપવાની નિયમાધીન કાર્યવાહી પીજીવીસીએલ કક્ષાએથી પૂર્ણ થતા, હવે અરજદારે સદર બીલ સબબ ની આખરી રીવીઝન ની રકમ રૂ. ૧૭,૬૬૭/૮૭, પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની રહેશે. |

**મુદ્દા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** ફરીયાદી અરજદાર ની મુદ્દા નં.૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી માહેના સવાલવાળા વીજબીલ અન્વયે નુ, અરજદાર શ્રી ના ઘરવપરાશ વીજજોડાણ નં.:૩૧૯૦૬/૦૦૦૬૬/૨ (આરજીપીઆર) નુ સવાલવાળુ મીટર, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતે, સ્થળ પર થી ઉતારી અને પેપરપેક કરેલ હતુ. અને મુદ્દા નં.૨.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના પ્રતિનીધી ની હાજરી મા લેબોરેટરી મા ચકાસણી કરવામા આવેલ હતુ. આ મીટર મા સ્થળ ચકાસણી તા.૨૦-૧૧-૧૫ અને લેબોરેટરી ચકાસણી તા.૨૭-૧૧-૧૫ ના રોજ છેલ્લા રીડીગ ૨૨૬૧.૩૧ જણાયેલ હતા. પીજીવીસીએલ પક્ષકાર તરફથી થયેલતા.૨૭-૧૧-૧૫ ના રોજ ની લેબોરેટરી ચકાસણી દરમ્યાન સવાલવાળા મીટર ની ''કરંટ કોઈલ '' બળી ગયેલ હોવાની બાબત અને તે અન્વયે સવાલવાળુ મીટર, જે '' ડેમેજ '' જાહેર કરાયેલ હોવાની બાબતે સ્પષ્ટ નોંઘ, જે લેબોરેટરી ચકાસણી અહેવાલ મા દર્શાવવામા આવેલ છે. આમ, સદર મીટર ને પીજીવીસીએલ કક્ષાએથી થયેલ તાંત્રીક ચકાસણી દરમ્યાન જયારે, '' ડેમેજ '' એટલેકે ક્ષતિગ્રસ્ત જાહેર કરેલ હોવાનો દસ્તાવેજીક આધાર, એટલેકે લેબોરેટરી રીપોર્ટ ઉપલબ્ધ હોય, તેવા સંજોગો મા, સદર મીટર મા નોંઘાયેલ છેલ્લા રીડીગ અન્વયે ની ગણતરીને આનુષાંગીક, ચડત / પડતર યુનીટ નો કેઈસ ગણી અને તે મુજબ, મીટર બદલાવ્યા પહેલાના ૧૮ થી ૧૯ દ્રીમાસીક બીલીગ સમયગાળા ના કુલ ચડત / પડતર એવા ૩૭૯૪ યુનીટ ની ગણતરીએ પુરવણી બીલ / પડતર / ચડત યુનીટ મુજબ નુ બીલ આપવાની બાબત નિયમાધીન યોગ્ય નથી. પરંતુ, ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નંબર: ૧૧/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૧.૮ અને ૬.૧.૧૧ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, જોડાણ મા સ્થાપિત થયેલ ''પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીગ કરી શકાય. જેથી, અરજદાર ને અપાયેલ સવાલવાળુ, ૩૭૯૪ યુનીટ ની રકમ રૂ.૨૫,૩૯૧/૦૪ પૈસા નુ બીલ નિયમાધીન રદબાતલ થવાને પાત્ર હોય, પીજીવીસીએલ પક્ષકાર ને સદર સવાલવાળુ ૩૭૯૪ યુનીટ ની રકમ રૂ.૨૫,૩૯૧/૦૪ નુ બીલ રદબાતલ કરવા બાબતે નો આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**૩.૨** ફોરમ કમિટી ને સદર કેઈસ, જે ફોલ્ટી મીટર ( લેબોરેટરી ચકાસણી દરમ્યાન ડેમેજ ડીકલેર કરેલ મીટર) હોવા સબબ નો તા.૨૭ ૧૧ ૧૫ નો લેબોરેટરી ચકાસણી અહેવાલ, જે દસ્તાવેજીક પેપર્સ ના રૂપ મા, આધાર સાથે પીજીવીસીએલ પક્ષકારે ફોરમ કમિટી સમક્ષ રજુ કરેલ છે. જે મુજબ, સદર સવાલવાળા ૩૭૯૪ યુનીટ ના બીલ ની રકમ રૂ.૨૫,૩૯૧/૦૪ બાબતે વાળો કેઈસ, જે પડતર / ચડત યુનીટ વાળો નહી, પરંતુ, ક્ષતિગ્રસ્ત મીટર સબંધક એવો સ્વયંસ્પષ્ટ કેઈસ, ફોરમ કમિટી ને સ્પષ્ટ જણાયેલ છે. ક્ષતિગ્રસ્ત મીટર ના કેઈસ મા, નામદાર જીઈઆરસી ના ધારાધોરણ એટલેકે નોટીફિકેશન નંબર: ૧૧/૨૦૦૫ ના મુદ્દા નં. ૬.૧.૮ અને ૬.૧.૧૧ મા કરાયેલ માર્ગદર્શક જોગવાઈ મુજબ, જોડાણ મા સ્થાપિત થયેલ ''પ્રતિબીલ સરેરાશ વીજવપરાશી યુનીટ '' મુજબ નુ બીલીગ કરવાની જોગવાઈ છે. અરજદાર ના જોડાણ મા તા.૨૦ ૧૧ ૧૫ ના રોજ લગાડવામા આવેલ એલ.એન્ડટી કંપની ના મીટર નંબર: પીજીએસટી ૦૧૩૪૧૫૧૭ મા, મીટર લગાડયા પછી નુ પ્રથમ વાસ્તવિક વીજવપરાશી બીલ એટલેકે માહે ડિસેમ્બર જાન્યુઆરી ૧૬ નુ બીલ ૧૪૯ યુનીટ નુ તા.૨૮ ૦૧-૧૬ ના રોજ અરજદાર ને અપાયેલ છે. આમ, અરજદાર ના જોડાણ મા પ્રતિ દ્રીમાસીક વાસ્તવિક સરેરાશ વપરાશ, જે ૧૫૦ યુનીટ ગણી શકાય. આ સરેરાશ વપરાશ ના ધોરણે, અરજદાર શ્રી ને, મીટર બદલાવ્યા પહેલાના અગાઉ ના, માહે ઓકટોબર નવેમ્બર ૧૨ થી ઓકટોબર નવેમ્બર ૧૫ સુધી ના, અગાઉ અપાયેલ કુલ ૧૯, પ્રતિ બીલ, ફોલ્ટી મીટર સ્ટેટસ હેઠળ ના ૧૦૦ યુનીટ વાળા બીલો, જે ૧૦૦ યુનીટ ને બદલે, ૧૫૦ યુનીટ ની ગણતરી હેઠળ લઈ અને તે મુજબ રીવાઇઝ કરી શકાય. આમ, સદર સવાલવાળા ૧૯ દ્રીમાસીક બીલો, જે પ્રતિબીલ તફાવતીય ૫૦ યુનીટ ના રહેશે, અને તે મુજબ આખરી પુરવણી બીલ, જે ૯૫૦ યુનીટ ( ૫૦ યુનીટ × ૧૯ બીલ ૯૫૦ યુનીટ ) નુ બનશે. આ મુજબ નુ ૯૫૦ યુનીટ નુ રીવીઝન ગણતરી મુજબ નુ બીલ આપવાની બાબત નામદાર જીઈઆરસી ના ધારાધોરણ અન્વયે ની હોય, ફોરમ કમિટી યોગ્ય ઠરાવે છે. જેથી, અરજદાર ને અપાયેલ સવાલવાળુ, ૩૭૯૪ યુનીટ ની રકમ રૂ.૨૫,૩૯૧/૦૪ પૈસા નુ બીલ રદબાતલ કરી અને હવે ૯૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ, રીવાઇઝ બીલ અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ખાસ પત્ર પાઠવીને, દિન ૧૦ મા, અરજદાર ને આપવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે.

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

**૪.૧** સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ અને ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને અપાયેલ સવાલવાળુ, ૩૭૯૪ યુનીટ ની રકમ રૂ.૨૫,૩૯૧/૦૪ પૈસા નુ બીલ રદબાતલ કરી, અને ૯૫૦ યુનીટ ની ગણતરીએ થતી રકમ નુ, રીવાઇઝ બીલ અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ખાસ પત્ર પાઠવીને, દિન–૧૦ મા, અરજદાર ને આપવા માટે નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે.

(કુ. યુ.એચ.જુઠાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..